ISSN: 2319-202X

# અધ્યાપન કાર્ય માટે પ્રભાવશાળી શિક્ષક

**ડૉ. પ્રભાત એમ. કાસરા**
શ્રી આઈ. જે. પટેલ એમ. એડ્. કોર્સ,મોગરી ,તા. આણંદ
Mo. ૯૪૨૭૪૫૬૦૧૭ Email:- prabhatkasra@gmail.com

શિક્ષકનું મુખ્ય લક્ષ વિદ્યાર્થીઓના વ્યવહારમાં સકારાત્મક પરિવર્તન લાવવાનું છે. વિદ્યાર્થીઓના જ્ઞાન, કૌશલ્ય, અભિરૂચિ, રસ, વલણાદિના ફળસ્વરૂપે વિદ્યાર્થી વિકાસ સંભવ બને છે. શાળા કે કોલેજ કક્ષાએ ઘણા વિદ્યાર્થીઓ અમુક શિક્ષકો કે અધ્યાપકોના વર્ગ–કલાસ ભરવા (શીખવા) તૈયાર હોતા નથી. એથી ઉલટું ઘણા શિક્ષકોના વર્ગખંડો વિદ્યાર્થીઓથી ઊભરાઇ જતા હોય છે. અન્ય વર્ગમાંથી આવીને વિદ્યાર્થીઓ વર્ગમાં બેસી જતા હોય છે. – આનું કારણ શું હોઈ શકે? તો શિક્ષકની વર્ગખંડ અધ્યાપન કાર્યની અસરકારકતા ગણી શકાય. જે શિક્ષકની વર્ગ અધ્યાપન કાર્યની અસરકારકતા સારી તેમાં વિદ્યાર્થીઓની હાજરી પણ સારી જોવા મળતી હોય છે. ઘણા વિદ્યાર્થીઓ એવું પણ કહેતા હોય છે કે આ સરનું લેકચર સાંભળવું જ જોઈએ, તે સાહેબ ખૂબ જ સરસ ભણાવે છે. આજે આ સાહેબના લેકચરમાં ખૂબ જ મજા આવી અથવા તો વિદ્યાર્થીઓ એવું પણ કહેતા હોય છે કે આજે તો લેકચરમાં કોઈ મજા ન આવી.... વગેરે જેવી વિદ્યાર્થી ચર્ચા સાંભળવા મળતી હોય છે. વિદ્યાર્થીઓ શિક્ષકનો અરીસો છે તે નિખાલસભાવે શિક્ષક વર્તન, આવઢત, કૌશલ્યની પ્રશંસા કે ટીકા કરતા હોય છે. તો ચાલો આપણે (શિક્ષકો) ટીકાપાત્રમાંથી પ્રશંસાપાત્ર બનવા પ્રયત્ન બરીએ તથા શિક્ષક પ્રભાવશાળીતા–અસરકારકતાના ગુણો વિકસાવીએ.

**શિક્ષક અસરકારકતા– (Teacher’s Effectiveness)**

ઘણા લાંબા સમયથી પ્રભાવશાળી શિક્ષકને પારિભાષિત કરવાના પ્રયત્નો થઈ રહ્યા છે. ઘણા વિદ્ધાનોએ પોત–પોતાના દષ્ટિકોણથી શિક્ષકોની અસરકારકતાની વ્યાખ્યા આપી છે. શિક્ષકની અસરકારકતા સંબંધી તે ભિન્નતા સ્વાભાવિક છે. કારણ કે અસરકારક શિક્ષણ નિઃસંદેહ એક અપેક્ષિત વિષય છે. કોઈપણ વ્યક્તિ માટે એક સારા શિક્ષકનો વિચાર તેના પૂર્વાનુભવ, મૂલ્ય તથા સમાજની પરિસ્થિતિઓથી પ્રભાવિત હોય છે. શિક્ષક જ્યારે વર્ગખંડમાં ભણાવતા

હોય ત્યારે તેની સામે કેટલાક હેતુ હોય છે. તે હેતુને સિદ્ધ કરવા સતત પ્રયત્ન કરે છે. શિક્ષક આ લક્ષ્યો–હેતુઓ પ્રાપ્ત કરવામાં સફળ થાય છે. તે તેની અસરકારકતાના પરિચાયક છે.

રેયન્સ (૧૯૭૦) અનુસાર – "શિક્ષકની અસરકારકતામાં શૈક્ષણિક ક્રિયાઓ, વિદ્યાર્થીઓમાં આધારભૂત કૌશલ્ય, અવધારણ પ્રક્રિયા, કામ કરવાની ટેવ, ઇચ્છિત અભિવૃત્તિ, મૂલ્ય નિર્ણય તથા પર્યાપ્ત સમાયોજન પેદા કરવા માટે અનુકૂળતા"

બિડાલ (૧૯૭૦) અનુસાર – "શિક્ષણની એક યા અધિક યોગ્યતાઓ જે વાંછિત શૈક્ષણિક પ્રભાવોને ઉત્પન્ન કરે છે તેને શિક્ષકની ક્ષમતા કહેવાય છે."

**અસરકારક શિક્ષકના ગુણ– Characteristics of an effective teacher**

અસરકારક શિક્ષકના ગુણોમાં શિક્ષકની માનસિક ક્ષમતા, શિક્ષણ, વિષયજ્ઞાન, શિક્ષણ અનુભવ, વ્યવહારું દષ્ટિકોણ, સામાજિકજ્ઞાન, વ્યવહારું ઉદાહરણ કૌશલ્ય, ધારણ શક્તિ, વાકચાતુર્ય, નિષ્ઠા, પ્રામાણિકતા, ધૈર્યશીલતા, ગંભીરતા, કાર્યકુશળતા..... વગેરે હોય.

એ.એસ બારે (૧૯૬૭) અનેક અધ્યયનોના નિષ્કર્ષના આધારે શિક્ષકની નિર્ણય ક્ષમતા, વિચાર શક્તિ અને માનસિક જાગૃતતાને શિક્ષણની કુશળતા સાથે ગાઢ સંબંધ બતાવ્યો છે.

**શિક્ષકનું પ્રભાવશાળી વ્યક્તિત્વ નીચેના ગુણોથી ખીલે છે.**

(૧) સ્વ–પ્રતીતિ (૨) આકર્ષક દેખાવ (૩) આશાવાદી–વિધેયક વલણ (૪) જ્ઞાન સંચય (૫) સુદઢતા (૬) વિદ્વતા (૭) ઉત્સાહ(૮) માનસિક પારદર્શકતા (૯) નિષ્ઠા (૧૦) સહાનુભૂતિ (૧૧) બુદ્ધિ વૈભવ (૧૨) અસરકારક અભિવ્યક્તિ (૧૩) નેતૃત્વ શક્તિ (૧૪) વિનોદવૃત્તિ (૧૫) મૈત્રીપૂર્ણ સ્વભાવ (૧૬) ચારિત્ર્યવાન ગુણ (૧૭) જ્ઞાનપિપાસા (૧૮) જિજ્ઞાસાવૃત્તિ, (૧૯) સામાજિકતા અને સહકારભાવ (૨૦) અધ્યાપનમાં અભિરૂચિ (૨૧) અધ્યાપન કળાનું જ્ઞાન (૨૨) બાળમનોવિજ્ઞાન જ્ઞાન (૨૩) સહાભ્યાસ પ્રવૃત્તિઓમાં રૂચિ (૨૪) નવીન જ્ઞાનનો સ્વીકાર (૨૫) પ્રયોગાત્મક કાર્યવૃત્તિ (૨૬) આવિષ્કાર (શોધ) વૃત્તિ (૨૭) સામાજિક ઉત્પાદનની ઝંખના (૨૮) સર્જનાત્મક શિક્ષણ વ્યવહાર (૨૯) શિક્ષણ પ્રત્યેની પ્રતિબદ્ધતા (૩૦) વિદ્યાર્થીઓમાં સ્થાનિક અને વૈશ્વિક નિસ્બત પેદા કરવી (૩૧) વિદ્યાર્થીઓનું સામાજિકરણ કરવું (૩૨)

આધુનિકતા અને અનુઆધુનિક સમયનું જ્ઞાન આપવું વગેરે.

ઉપરોક્ત ગુણોથી શિક્ષક સભર બને અથવા હોય તો તેની વિદ્યાર્થી, સમાજમાં, શિક્ષણ સમાજમાં ઉત્તમ સ્થાન પામે છે.

**અસરકારક વર્ગઅધ્યાપન પ્રક્રિયા માટે શિક્ષક શું કરી શકે?**

- શિક્ષક પોતાના વિષયમાં નૈપુણ્યતા ધારણ કરે.
- પોતાના વિષય સાથે અન્ય વિષયનું જ્ઞાન મેળવે.
- શિક્ષક જ્ઞાનાત્મક વિશેષતાઓથી પરિપૂર્ણ બને.
- શિક્ષકમાં વિદ્યાર્થીઓને ઓળખવાની કળા હોવી જોઈએ.
- વિષય એકમની ઉત્તમ રીતે તૈયારી કરે.
- વર્ગ વ્યવહાર લોકશાહી વાતાવરણ મુક્ત બનાવે.
- વિદ્યાર્થીઓ સાથે વિષય વિસ્તૃતીકરણની આવડત અર્થાત્ સ્પષ્ટીકરણ કૌશલ્યનો ઉપયોગ કરે.
- શિક્ષકનો પ્રભાવ ઉત્તમ પ્રકારનો હોય– વિદ્યાર્થી તેમને માન–સન્માન આપે, આદર આપે, શિક્ષકનું કહ્યું પ્રેમથી માને અને કરે.
- શૈક્ષણિક વ્યવહાર માટે શૈક્ષણિક પ્રાક્રિયાઓનું જ્ઞાન મેળવીને શિક્ષણકાર્ય કરાવે.
- વિદ્યાર્થીઓમાં રસ–રૂચિ પેદા કરવાની ક્ષમતા હોય.
- વિદ્યાર્થીઓ નીત–નવીન જ્ઞાનના આતુર હોય છે તેથી વર્ગવ્યવહારમાં Innovative – નાવિન્યજ્ઞાન આપવું.
- વર્ગખંડનું વાતાવરણ મુદ્દા આધારિત ચર્ચાવાળું બનાવવું.
- શિક્ષકે એકમ આધારિત પ્રશ્નોત્તરી પ્રયુક્તિનો ઉપયોગ કરીને વિદ્યાર્થીકિન્દ્રિ વાતાવરણ રચવું.
- વિષયવસ્તુ આધારિત શૈક્ષણિક સાધનનો ઉપયોગ કરવો.
- Information Communication Technologyનો મહત્તમ ઉપયોગ કરવો.
- વિદ્યાર્થીઓની મનોવૃત્તિ જાણે.
- શિક્ષક વિવિધ પદ્ધતિઓ દ્વારા શિક્ષણકાર્ય કરાવે.
- શિક્ષણમાં વિવિધ પ્રયુક્તિનો ઉપયોગ કરે.
- શિક્ષક વર્ગખંડમાં વિદ્યાર્થીઓને માર્ગદર્શક અને સલાહકારની ભૂમિકા પણ અદા કરે.

- શિક્ષક વ્યવહાર આદર્શપૂર્ણ હોય –જેનું વિદ્યાર્થીઓ અનુકરણ કરીને શીખે.
- શિક્ષકમાં વિદ્યાર્થીમાં સામાજિકરણ કરવાની ક્ષમતા હોય.
- શિક્ષક વિદ્યાર્થીઓની ખામીઓ જાણે અને દૂર કરે.
- શિક્ષકે જરૂર પડે ત્યાં વિદ્યાર્થીને વૈયક્તિકપણે ધ્યાન આપે.
- વિદ્યાર્થીઓની સુષુપ્ત શક્તિઓ ઓળખે અને તેને વિકસાવવા ઉત્તેજના આપે.
- વર્ગખંડમાં બધા જ વિદ્યાર્થીઓ પ્રત્યે અનાત્મલક્ષી ભાવ રાખે.
- વર્ગખંડમાં ઉપસ્થિત થતા પ્રશ્નો માટે ત્વરિત નિર્ણય લે અને તેનું સુલભ રીતે નિરાકરણ લાવે.
- વિશિષ્ટ જરૂરીયાતવાળા બાળકોને તેમની જરૂરીયાત અનુસાર અધ્યાપન કાર્ય અને માર્ગદર્શન આપવું.
- તેજસ્વી અને વિશિષ્ટ અભિયોગ્યતા ધરાવતા સર્જનશીલ બાળકોની શક્તિ વિકસે તેવી પ્રવૃત્તિઓ યોજે.

આમ જો શિક્ષક વિદ્યાર્થીઓની સામાજિક, સાંવેગિક, શારીરિક અને માનસિક વિકાસને ધ્યાનમાં રાખી શિક્ષણના નિહિત સમુચ્ચય ઘટકોને સહ–સંબંધ સ્થાપિત કરી, વિદ્યાર્થીની ખામી સુધાર પ્રયુક્તિનો ઉપયોગ કરે, વિદ્યાર્થીઓને સારી રીતે સમજે, જ્ઞાનાત્મક, ભાવાત્મક અને માર્ગદર્શકની ભૂમિકા અદા કરે, વર્ગ વાતાવરણ જીવંત રાખે, વિદ્યાર્થીઓને ભૂમિકા અદા કરે, વર્ગવાતાવરણ જીવંત રાખે, વિદ્યાર્થીઓને બોલવાની તક આપે, તો અવશ્ય શિક્ષકની અસરકારકતા/પ્રભાવ વધે અને વર્ગવાતાવરણ જીવંત રાખી શક. છે.

## સંદર્ભસૂચિ

Arona G.L., (2002).Teacher and Teaching, Need for new Perspectives: (Ad First) Ravi books New Delhi.

રાવલ, એન.વી., (૨૦૧૪). શિક્ષક શિક્ષણ, (પ્રથમ આવૃત્તિ) નીરવ પ્રકાશન (એજ્યુકેશન પબ્લિશર્સ)લ અમદાવાદ.

Chaurasia G., (1977). Innovations and Challenges in Teacher Education (first Adition), Vikas Publication, New Delhi.